રાજ્યમાં કોરોનાના વધુ ૧૨ કેસો

કેસોની સંખ્યા ૩૦ થઇ : વડોદરામાં પણ નવા કેસો સપાટી ઉપર : લોકલ ટ્રાન્સમિશનથી પણ કેસોનો વધારો થતાં તંત્ર ચિંતિત : સાવચેતીના પગલાનો દોર : કડક નિયંત્રણો અમલમાં

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં પણ કોરોનાના કેસોની સંખ્યામાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. આજે ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૩૦ ઉપર પહોંચી હતી. આજે સોમવારના દિવસે જ અમદાવાદમાં કોરોના વાયરસના પોઝિટિવ છ કેસો નોંધાયા હતા જ્યારે વડોદરામાં ત્રણ કેસો પોઝિટિવ નોંધાયા હતા. સુરતમાં પણ એક કેસ નોંધાયો હતો. ચિંતાજનક બાબત એ છે કે, આજે જે ૧૧ કેસો નોંધાયા છે તે પૈકી લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયેલા કેસોની સંખ્યા પાંચ છે જ્યારે બાકીના કેસની વાત કરવામાં આવે તો બહારથી આવેલા લોકો છે. મોટાભાગે જે લોકો સકંજામાં આવ્યા છે તેમની વય મોટી છે જ્યારે કેટલીક મહિલાઓ નાની વયની પણ નિકળી છે. કોરોનાના કેસોની સંખ્યામાં અમદાવાદમાં સૌથી વધુ ૧૩ કેસ જ્યારે સુરતમાં ચાર અને વડોદરામાં છ કેસો નોંધાઈ ચુક્યા છે. ગુજરાતમાં કોરોના બહુ ખતરનાક રીતે પગપેસારો કરી તેનું સંક્રમણ-ફેલાવો વધારતો જાય છે ત્યારે આજે પણ કોરોના વાઈરસના પોઝીટીવ કેસોમાં ચોંકાવનારો અને નોંધપાત્ર વધારો નોંધાયો હતો. જેમાં સમગ્ર ગુજરાત રાજયમાં અત્યારસુધીમાં કોરોના પોઝીટીવના કુલ ૩૦ કેસો સામે આવ્યા છે. જેમાં રાજ્યનું પહેલું મોત ગઈકાલે સુરતમાં નોંધાતા ભારે ચકચાર મચી ગઈ છે. રાજયભરમાં કોરોના પોઝીટીવના કુલ ૩૦ કેસોમાં સૌથી વધુ અમદાવાદમાં શહેરમાં ૧૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. તો, વડોદરામાં ૬, સુરતમાં ૫, ગાંધીનગરમાં ૪ અને કચ્છ તથા રાજકોટમાં ૧-૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં નવા ત્રણ પોઝીટીવ કેસ નોંધાતાની સાથે જ અમદાવાદ પછી કોરોનાના સૌથી વધુ કેસ વડોદરામાં સામે આવ્યા છે. ત્રણ નવા કેસ સાથે વડોદરામાં પોઝીટીવ કેસની સંખ્યા વધીને ૬ થઈ ગઈ છે. ગુજરાતમાં પહેલું મોત નોંધાતાની સાથે જ રાજ્ય સરકાર હરકતમાં આવી છે અને આજથી હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી પણ હાથ ધરવાની તજવીજ શરૂ કરાઈ છે. લોકડાઉન દરમિયાન રાજ્યના છ મહાનગરોમાં બહાર નીકળતા લોકોને પોલીસ અટકાવીને ઘરે પરત મોકલી રહી છે. ગુજરાત-રાજસ્થાનની સરહદ સીલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અમીરગઢ પાસેથી ગુજરાતમાંથી આવેલા ૮૦૦ મુસાફરોને રાજસ્થાનમાં પ્રવેશવા દીધા નથી. તો, અમદાવાદ શહેર સહિત ગુજરાતમાં પણ સંખ્યાબંધ ચેકપોસ્ટ અને બહારના રાજયોમાં આવતા વાહનોના પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી હતી. એટલું જ નહી, રાજયમાં એક શહેરમાંથી બીજા શહેરમાં જવા પર પણ હાલ પાબંદી લગાવી દેવામાં આવી છે. સમગ્ર રાજયમાં ઓલા, ઉબેર, કેબ, ટેક્સી, રિક્ષા, લકઝરી સહિતની તમામ ટ્રાન્સપોર્ટેશન સેવા તા.૩૧મી માર્ચ સુધી બંધ કરી દેવાની સરકાર દ્વારા જાહેરાત કરાઈ છે કે જેથી કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવી શકાય. સાથે સાથે લોકડાઉન દરમ્યાન લોકોમાં પોતાના ઘરોમાં જ રહેવા અને સરકાર તેમ જ તંત્ર દ્વારા સમયાંતરે જે કંઈપણ સૂચનો કે નિર્દેશો જારી કરાય તેનું જાહેરહિતમાં ચુસ્ત પાલન કરવા પણ અપીલ કરાઈ છે.

છ શહેરોમાં લોકડાઉન પણ લોકો ગંભીર નથી : રૂપાણી

લોકડાઉનમાં ઘરની બહાર નિકળનારા બધા લોકોની સામે પોલીસને કડક કાર્યવાહીના હુકમ : ઇમરજન્સી સેવા ચાલુ

ગુજરાતમાં હવે કોરોના વાયરસને કહેર વધતો જાય છે અને આજે નવા ૧૨ કેસો સાથે કોરોના પોઝીટીવના કેસનો આંક ૩૦ ને આંબી જતાં રાજ્ય સરકાર સહિત સમગ્ર તંત્રમાં હડકંપ મચી ગયો છે. બીજીબાજુ, રાજયમાં ગઈકાલથી તા.૨૫મી માર્ચ સુધી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત અને કચ્છમાં લોકડાઉન જાહેર કરાયો હોવાછતાં સ્થાનિક લોકો તેની અમલવારીને લઈ એટલા ગંભીર અને જાગૃત નહી હોવાની બાબત સામે આવતાં રાજય સરકાર અને તંત્રએ ભારે ચિંતા વ્યકત કરી છે. કારણ કે, જો પ્રજા જાગૃતિ અને સમજદારી નહી દાખવે તો, કોરોના વાયરસની બહુ ગંભીર અસર રાજયમાં વ્યાપી જશે અને પછી બહુ ભયાનક પરિણામો ભોગવવા ખુદ લોકોએ જ તૈયાર રહેવું પડશે એવી ગર્ભિત ચીમકી સરકાર તરફથી આજે પ્રજાજોગ આપવામાં આવી હતી. સરકાર દ્વારા આ છ શહેરોમાં લોકડાઉન જાહેર કરાયું હોવાછતાં લોકો સવારથી જ પોતાના વિવિધ કામોને લઈ ઘરોની બહાર નીકળતા જોવા મળ્યા હતા તો વળી, કેટલાક દુકાનદારો અને ધંધા-રોજગારાવાળા આવી મહામારી અને સાવચેતીના સમયે પણ કમાવાની લાલચમાં દુકાનો અને ધંધા-રોજગારના સ્થળો ચાલુ રાખી ખોલતાં પોલીસને તે બંધ કરાવવાની ફરજ પડી હતી. બીજીબાજુ, ખુદ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લોકોને બે હાથ જોડી લોકડાઉન દરમ્યાન પોતાના ઘરોની બહાર નહી નીકળવા ગુજરાતભરના લોકોને અપીલ કરી છે. મુખ્યમંત્રીએ પ્રજાજનોની ચિંતા વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે, લોકોએ હજુ ભારે શિસ્ત અને સંયમ દાખવવો પડશે અને તા.૩૧મી માર્ચ સુધી પોતાના ઘરોમાં જ રહે તો વધુ સારૂ. તેનાથી કોરાના વાયરસની સંક્રમણની ચેઈન તોડવામાં અને આ વાયરસને ખતમ કરવાની લડતમાં સફળતા મળશે. રાજયમાં કોરોનાના ૩૦ પોઝીટીવ કેસ સામે આવી ચૂક્યા છે, ત્યારે હવે અમદાવાદ સહિત રાજયભરમાં લોકોને હવે કોરોના વાઈરસની ગંભીરતાનો ખ્યાલ આવી રહ્યો છે પરંતુ તેના ચેપનો ફેલાવો આગળ ના વધે અને તેનું સંક્રમણ રાજયમાં વધુ ના વ્યાપે તે માટેના પ્રયાસોની અમલવારી અથવા તો, સાવચેતીમાં રાજયના પ્રજાજનો હજુ પણ બિનગંભીર અને અજાગૃત જણાયા હતા. આજે લોકડાઉન જાહેર કરાયા છે તે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ,સુરત અને કચ્છમાં લોકો રીતસરના પોતપોતાના ઘરોની બહાર નીકળી પડેલા નજરે પડતા હતા. રાજયમાં બંધનો માહોલ હોવાછતાં કેટલાક તો વળી રોડ પર શું સ્થિતિ છે તે જોવા અથવા તો, બંધ દુકાનો ધંધા-રોજગારના સ્થળોએ પાંચ-દસ મિત્રોને લઈ ટોળે વળી બેઠેલા પણ નજરે પડતા હતા પરંતુ કોરોના વાયરસના ફેલાવા અને ચેપ માટે આ બિનગંભીરતા અને અજાગૃતતા ઘણી ઘાતક અને જીવલેણ સાબિત થાય તેમ છે., તેથી રાજય સરકારે પોલીસ અને તંત્રને લોકડાઉનની કડકાઈથી અમલવારી કરાવવા આદેશો પણ જારી કર્યા હતા. જેના કારણે પોલીસે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઈમરજન્સી સેવા સિવાયના ધંધા-રોજગારના સ્થળો, દુકાનો, બાંધકામ સાઈટ્સ સહિતના સ્થળો બંધ કરાવ્યા હતા. અમદાવાદ,વડોદરા, રાજકોટ, સુરત સહિત મોટાભાગના શહેરોમાં બજારો અને રસ્તાઓ સૂમસામ થઈ ગયા છે. ઈમરજન્સી સિવાયની લગભગ તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. ગુજરાતમાં બંધ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે ત્યારે લોકડાઉનનો ભંગ કરનારા તત્વો સામે અને લોકડાઉનમાં કારણ વિના ઘરની બહાર નીકળનાર લોકોની સામે પોલીસને કડક કાર્યવાહી કરવાના આદેશો પણ સરકાર દ્વારા જારી કરાયા છે. ગુજરાતમાં કોરોનાના કારણે પ્રથમ મોત નોંધાયા બાદ રાજ્ય સરકાર વધારે હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે. આ વાઈરસ માત્રને માત્ર સોશ્યલ ડિસ્ટન્સથી અટકાવી શકાય તેમ હોવાથી રાજયની તમામ સરહદોને સીલ કરવામાં આવી છે. દરમિયાન કોરોનાની વકરતી ગંભીર પરિસ્થિતિ વચ્ચે આજે અમદાવાદ શહેર સહિત રાજ્યમાં અનેક ઠેકાણે લોકડાઉનનો છડેચોક ભંગ થતાં બજારો, હોટલો, ધંધા-રોજગારના સ્થળો ખુલતાં અને નાગરિકો પણ ઘરોની બહાર નીકળી પડતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ મુદ્દે ભારે ચિંતા વ્યકત કરી હતી અને ગુજરાતની જનતાને કોરોનાની જીવલેણ અસરો અને તેની ગંભીરતાને લઈ વિનંતી સાથે ગર્ભિત સંકેત આપ્યા હતા કે, લોકડાઉનનો મતલબ, માત્ર વેપાર, દુકાનો કે ધંધા-રોજગારના સ્થળો બંધ રાખવા એ નહી પરંતુ લોકોએ ઈમરજન્સી સિવાય કોઈપણ સંજોગોમાં ઘરોની બહાર નીકળવુ નહી તે. કોરોના વાઈરસનો એક જ ઉકેલ છે સોશ્યલ ડિસ્ટન્સ એટલે કે, કોઈને મળવું જ નહીં એ જ તેનો ઉકેલ છે. ગુજરાતમાં કોરોના પોઝીટીવના કુલ ૩૦ કેસ થયા છે એટલે તમે સમજી શકો છો કે, આગળના દિવસોમાં કેવી પરિસ્થિતિ આવશે.

જિલ્લામાં ૯૩૫ પ્રાથમિક શાળાઓ ચાલે છે : ચુડાસમા

૨૦૧૮ અને ૨૦૧૯માં ૧૧૨ શિક્ષકોએ વિદેશ પ્રવાસની રજા માંગી હતી સેક્ટર-૬ માં ૯૩ વૃક્ષો કાપવાની સરકારે મંજૂરી આપી હતી : વસાવા

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ ૫૯૧, ખાનગી પ્રા. શાળા ૩૦૫ અને ગ્રાન્ટેડ પ્રા. શાળા ૩૯ હાલ કાર્યરત છે તેમજ રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કોંગીના લાખાભાઈ ભરવાડના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૨૫ ખાનગી પ્રા. શાળાઓને મંજૂરી અપાઈ છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૫, દહેગામમાં ૬, માણસા અને કલોલમાં બે-બે શાળાનો સમાવેશ થાય છે.

● આંગણવાડીમાં ગેસ કનેક્શન

ભાજપના શંભુજી ઠાકોરે જિલ્લાની આંગણવાડીઓમાં ગેસ કનેક્શન આપવા અંગેના પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે તમામ આંગણવાડીઓમાં ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

● સે. ૬માં વૃક્ષો કાપવા બાબત

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ માં જાન્યુઆરી ૨૦૨૦ માં બહુમાળી સરકારી આવાસો બનાવવા વૃક્ષો કાપવામાં આવ્યા આવેલ છે તેવી ફરિયાદ અંગે કોંગીના વીરજી ઠુમ્મરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યુ છે કે આવી કોઈ ફરિયાદ સરકારને મળી નથી.

હા, પણ સરકારે આ સેક્ટરમાં બહુમાળી સરકાર આવાસ બનાવવા માટે ૧૩ પ્રકારના વૃક્ષો કાપવાની મંજૂરી આપેલ છે. જેમાં લીમડાના ૨૨, કાશીદના ૨૫, ગરમાળાના ૮, કણજીનું એક, આસોપાલવના ૯, આંબાના ૯, પીંપળના ૩, જાંબુના ૯, ઉમરાનું એક, કપોકનું એક, બ-લીમડો-૩, સેવન-૧ અને ગાંડા બાવળનું એક વૃક્ષ મળી કુલ ૯૩ વૃક્ષો કાપવામાં આવ્યા છે. વૃક્ષોનું કોઈ ગેરકાયદેસર છેદન થયુ નથી.

● શિક્ષકો રજા પર રહેવા બાબત

ગાંધીનગર જિલ્લામાં શિક્ષકો રજા પર રહેવા બાબતે કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રી ચુડાસમાએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષથી જિલ્લાની ૧૦ શાળાના ૧૦ શિક્ષકો સક્ષમ અધિકારીની મંજૂરી વગર કપાત પગારની રજા પર છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન જિલ્લાના ૧૧૨ શિક્ષકોએ વિદેશ જવાના કારણોસર રજા મંજૂર કરવાની માંગણી કરી હતી. જે પૈકી ૧૦૬ શિક્ષકોની રજા મંજૂર કરવામાં આવી છે જ્યારે ૬ શિક્ષકોની રજા નામંજૂર કરવામાં આવી છે.

શિક્ષણમંત્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૩૧-૧-૨૦ની સ્થિતિએ સતત ગેરહાજર રહેતા ૧૬ શિક્ષકો પૈકી ૧૫ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. જે પૈકી ૧૦ શિક્ષકો કપાત પગારે રજા પર હતા અને ૬ શિક્ષકો વિદેશ પ્રવાસની રજા પર ગયેલા છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે બે વર્ષમાં ૩ શિક્ષકોની સેવા સમાપ્ત કરી છે. ૧૧ શિક્ષકોને નોટીસ આપેલ છે જ્યારે ૧ શિક્ષક સામે ખાતાકીય તપાસ હાલ ચાલુ છે.

શાકમાર્કેટ ચાલુ રાખવા મામલે પોલીસ સાથે લારીઓવાળાનું ઘર્ષણ

લોક ડાઉનની સ્થિતિ વચ્ચે મુસાફરોની રાહ જોતા

ગાંધીનગર જિલ્લામાં લોકડાઉનની પરિસ્થિતતિ ઉભી થતાં અનેક સ્થળોએ ઘર્ષણના દૃશ્યો સર્જાયા છે. શાકમાર્કેટમાં શાકભાજીની લારીઓ નહી ઉભી રાખવા પોલીસે શાકભાજી વેચનારાઓને સમજાવ્યા હતા અને સેકટરમાં ફરીને વેચાણ કરવા જણાવ્યું હતું. આ મામલે પોલીસ સાથે ઘર્ષણ થયું હતું.

કોરોનાનો કહેર ચારેકોર ફેલાતા ગાંધીનગરમાં લોકડાઉનનો નિર્ણય લેવાયો છે. માત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ જ મળશે તેવો નિર્ણય લેવાયો છે. સોમવારે સાંજે સેકટર-૭ના શાકમાર્કેટમાં શાકભાજીની લારીઓવાળાઓ મોટી સંખ્યામાં આવ્યા હતા અને લોકો પણ ખરીદી માટે આવવા લાગ્યા હતા. મોટી સંખ્યામાં વસાહતીઓ એકઠા થવા માંડયા હતા. જેની જાણ પોલીસને થતાં પોલીસ સ્થળ પર ધસી આવી હતી. પોલીસે શાકભાજીની લારીઓવાળાને શાકમાર્કેટમાંથી જતા રહેવાની અપીલ કરી હતી. જેના પગલે લારીવાળાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે શાકભાજીવાળાઓને સેકટરોમાં ફરી વેચાણ કરવા સમજાવ્યા હતા. જો કે

લારીઓવાળા સંમત ન થતાં બોલાચાલી વધી પડી હતી. લોકોને પણ પોલીસે ભગાડયા હતા. એવી જ રીતે કરીયાણાની દુકાનોમાં ભીડ થવા માંડતા પોલીસ સતર્ક થઈ ગઈ હતી. લોકોએ બીનજરૂરી ખરીદી કરવા માંડી હતી અને દુકાનો પર ભીડ કરી હતી. ભીડનો મેસેજ પોલીસને મળતા પોલીસે બળપૂર્વક સૌને દૂર કર્યા હતા. પોલીસની સમજાવટ કામે ન આવતા બળ પ્રયોગની જરૂર ઉભી થઈ હતી.

ઈકો ગાડીનાચાલક સામે જાહેરનામા ભંગની ફરીયાદ

કોરાના વાયરસના ભયના માહોલ વચ્ચે શહેરના ઈકો ચાલક સામે જાહેરનામા ભંગની ફરીયાદ નોધાઈ છે. કોરોના વાયરસ રાજયમાં વધુ ન ફેલાય અને તેને અટકાવવા માટે વાહન વ્યવહાર કમિશનર દ્વારા જાહેરનામું પાડીને તા.૩૧ માર્ચ સુધી ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષી-મેક્ષી વાહનો સહિતના મુસાફરો ભરીને જતા આવતા વાહનો પર પ્રતિબંધ મુક્યો છે. ત્યારે સેકટર-૨૧ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે ઘ-૫ સર્કલ પાસે એક ઈકો ગાડીનો ચાલક મુસાફરો બેસાડવા માટે બુમો

પાડતો નજરે પડ્યો હતો. નો પાર્કિંગ ઝોનમાં ઉભેલી ઈકો ગાડીને પકડી પાડી પોલીસે ચાલકને તેનુ નામ પુછતા તે બોરીજ ગામનો ડાભી વાસમાં રહેતો રતનસિંહ લક્ષ્મણસિંહ ડાભી હોવાનું જણાવ્યું હતું. જી.જે.૧૮-બી.એફ.-૭૬૬૪ નંબરની ઈકો ગાડી પ્રાઈવેટ પાર્કિંગની છે. જેને પગલે પોલીસે ઈકો ગાડીના ચાલક સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને રૂ.૧.૨૦ લાખની ઈકો ગાડી પણ કબ્જે કરી છે.

યુનિવર્સિટીના કુલપતિ સહિત શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીઓને "વર્ક ફ્રોમ હોમ"ની સૂચના

કોરોના વાયરસની સ્થિતિને અનુલક્ષીને કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે જેમાં દરેક રાજ્યના મુખ્ય સચિવો તથા યુનિવર્સિટીના કુલપતિઓ, કોલેજો અને યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને કોવિડ-૧૯ની પરિસ્થિતિના નિવારક પગલાં તરીકે તા. ૩૧મી માર્ચ સુધી "વર્ક ફ્રોમ હોમ"ની સૂચના જાહેર કરવામાં આવી છે. તા. ૨૧મી માર્ચની એડવાઈઝરીના અનુસંધાને રાજ્યની સરકારી કોલેજોના સરકાર માન્ય યુનિયન 'ગુજરાત રાજ્ય સરકારી કોલેજ અધ્યાપક મંડળ' તરફથી ગુજરાત સરકારના મુખ્ય સચિવ, અગ્ર સચિવ, મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને ગુજરાતની સરકારી, ગ્રાન્ટેડ અને યુનિવર્સિટીઓના કર્મચારીઓ માટે જરૂરી સૂચનાઓ પ્રસારિત કરવા વિનંતી કરવામાં આવી છે. રાજ્ય સરકારી કોલેજ અધ્યાપક મંડળ દ્વારા કરવામાં આવેલ રજૂઆતને સંદર્ભે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળની જાહેરાત

જાહેરનામું

ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : રંગપુરડા વ.કે.નં.૨૧/૧૮

ક્રમાંક :

અકન/ક. ૧૯ (૧) / આ. જાહેરનામું / કાસ્વા /૨૧/૧૮/એસ.આર.નં. ૧૮૨

તારીખ : ૨૫/૨/૨૦૨૦

૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે (જેનો હવે પછી ઉલ્લેખ સદરહુ કાયદો તરીકે કરેલ છે) ગુજરાત સરકારશ્રી અત્રેથી હિત ધરાવતી તમામ વ્યક્તિ કે વ્યક્તિઓને જાહેર કરેલ છે કે, નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના મહેસાણાને સદરહુ કાયદાની કલમ-૧ પના પેટા કલમ (૨) હેઠળ સરકારશ્રીને રજૂ કરેલા અહેવાલથી સંતોષ થયેલ છે અને નીચે મુજબ પરિશિષ્ટ-કમાં દર્શાવેલ વિગતો ધરાવતી જમીન કાસ્વા માઈનોર-૧ નહેરના બાંધકામના જાહેર હેતુ માટે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે.

૨. સદરહુ કાયદાની કમલ-૧૯(૧) હેઠળની જાહેરાત આ જાહેરનામાથી બહાર પાડેલ છે. તે આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

૩. સંપાદન કરવાની થતી જમીનના નકશા અને પ્લાન જાહેર જનતાના નિરિક્ષણ સારૂ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમયમાં ઉપલબ્ધ થશે.

૪. સરકારશ્રીના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જાહેરાનમા ક્રમાંક : જ.સં. / ૨૦૧૯ / મહેસાણા / ૭૩ / ૬૧ / મ તારીખ : ૧૬/૭/૨૦૧૯થી સંપાદન કરવાની ઉક્ત જમીનને સામાજિક અસર મુલ્યાંકનમાંથી મુક્તિ અપાયેલ છે.

પરિશિષ્ટ-૬

કેસ નંબર : ૨૧/૨૦૧૮
તારીખ : ૨૫/૨૨૦૨૦

મોજે : કાસ્વા તાલુકો : કડી જિલ્લો : મહેસાણા

અ. નં.	જમીન કબજેદારનું નામ	ગામ નમુનો નં.૮ (અ)	સર્વે નંબર બ્લોક નંબર	વિસ્તાર (હે.આરે. ચો.મી.)	સંપાદિત કરેલ જમીન વિસ્તાર (હે.આરે. (ચો.મી)
૧	૨	૩	૪	૫	૬
૧	પટેલ વિષ્ણુભાઈ કાન્તિભાઈ	૧૧૧૬	૧૧૨૦	૦.૧૭.૦૦	૦૦.૦૦.૪૭
૨	દેસાઈ ચેહરબેન તે ઈશ્વરભાઈની વિધવા દેસાઈ રઘુભાઈ ઈશ્વરભાઈ દેસાઈ વાલુભાઈ ઈશ્વરભાઈ	૫૧૦	૧૮૪૨	૦૧.૯૫.૩૯	૦૦.૦૬.૪૯
				કુલ	૦૦.૦૬.૯૬

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(કે. એસ. ચાઝિક)
અધિક કલેક્ટર (નર્મદા)
અમદાવાદ

ક્રમાંક:નામાનિ/મહે/૫૦૯/૧૯-૨૦

શહેરના પ્રવેશદ્વારો પર કડક ચકાસણી

ગાંધીનગર, તા.૨૩

વૈશ્વિક સ્તરે કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે. ભારત સહિત અનેક દેશોમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. ત્યારે ભારત અને વિવિધ રાજયમાં કોરોનાએ પગ પેસારો કર્યો છે. ત્યારે ગુજરાતમાં પણ તેમાંથી બાકાત રહેવા પામ્યું નથી. રવિવારે જનતા કર્ફયુને પગલે નાગરીકો ઘરમાં પુરાઈ રહ્યા હતા અને ઘરમાં પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કર્યો હતો. પરંતુ સોમવારના રોજ તંત્ર દ્વારા ગાંધીનગર લોક ડાઉન હોવા છતા સવારના સમયે પરિસ્થિતિ જૈસે થે જેવી બનીને વાહન વ્યવહાર શરુ થઈ ગયો હતો. શહેરમાં લોકડાઉનને પગલે સવારથી શહેરના મુખ્ય પ્રવેશદ્વારો પર પોલીસનો ચુસ્તો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પરંતુ પોલીસે સરકારી કર્મચારીઓ, હોસ્પિટલ સ્ટાફ, મેડીસીન, શાકભાજી અને દુધ સહિતની ચીજવસ્તુ લઈને આવન-જાવન કરતી ગાડીઓ શરુ હતી. જયારે ઘણા નાગરીકો નોકરી-ધંધા માટે નીકળ્યા હતા, તો કેટલાક કોઈપણ પ્રકારના કામ વિના માત્ર આંટાફેરા મારીને માહોલ જોવા માટે નીકળ્યા હતા. જેથી પોલીસે તમામ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસનો કાફલો ખડકી દીધો હતો જેથી ગાંધીનગર શહેર-જિલ્લા ઉપરાંત રાજયના કોઈપણ જગ્યાએથી આવતા નાગરીકોને પરત મોકલી દીધા હતા. જેથી પોલીસે અને નાગરીકો વચ્ચે કયાંક બોલાચાલી પણ થઈ હતી.

જયારે પોલીસને ઈમરજન્સી કામે આવેલા નાગરીકોને પ્રવેશ અપાયો હતો. કોરોના વાયરસ અને લોકડાઉની સ્થિતિ વચ્ચે કામ વિના બહાર નીકળેલા નાગરીકોને પોલીસ સમજાવીને થાકી ગઈ હતી. શહેરના અડાલજ ચોકડી, ઘ-૦, ખ-૦, ચ-૦, ક-૭, સેકટર-૩૦ સર્કલ, રાંધેજા ચોકડી, વૈષ્ણોદેવી સર્કલ, પેથાપુર ચોકડી, ચિલોડા ચારરસ્તા, કોબા, અડાલજ સહિત શહેરના આંતરીક માર્ગો પર પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. કોરોના વાયરસના ભય વચ્ચે દરેક પોલીસ કર્મચારી મોં પર માસ્ક બાંધીને ફરજ બજાવી રહ્યા હતા. તે સમયે નાગરીકોને પણ બિન જરુરી બહાર નહી નીકળવા અને મોં પર માસ્ક બાંધી રાખવા માટે અપીલ કરી હતી. બસ, રીક્ષા, ટેક્ષી ગાડીઓ સહિત વાહનવ્યવહાર બંધ થઈ જતા ઘરેથી કામે નીકળેલા અનેક નાગરીકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જયારે માર્ગો પર વાહન ચાલકો પાસે નાગરીકો લીફટ માંગતા નજરે પડ્યા હતા. જયારે કેટલાક રીક્ષા ચાલકોએ તો કેટલાક ટેક્ષી ગાડીઓ વાળાએ પણ મુસાફરોનો લાભ લઈને વધુ રૂપીયા પડાવ્યાની ફરીયાદો ઉઠવા પામી છે.